## (૬) ટ્રેક નં. ૧૭ : વૈરાગ્ય સંબોધન વિષે

✿ આત્મા જ વીતરાગ સ્વરૂપ છે. એમ સમજાવતાં પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી પર્યાયમાં વૈરાગ્યની વિધિ કઈ રીતે બતાવે છે ? તે જોઈએ.

✿ માંગલિક

✿ ભક્તિ : ચારો ગતિમાં રખડી રહ્યો છું, ને ક્યારે થશે ભવ અંત? (૨)
સંસાર મારો આ ચાલતો આનો ને ક્યારે આવશે અંત. (૨)
વંટોળે ચડ્યું તણખલું ક્યાંય ફેંકાઈ જશે
અને ફરવાનું તારું ચાલુ જ રહેશે (૨)
વીજળીને ઝબકારે મોતી પરોવી લેજો ને ભાઈ.

✿ આ શરીર છાલા છે. એનાથી ભગવાન અંતર આત્મા જુદો છે. કર્મ જડ છે. કાચલી કર્મ-આઠ એનાથી ભગવાન અંદર જુદો છે. કાચલી- એટલે કોરની લાલ છાલ જે છે એમ એની તરફના જે શુભઅશુભ દયા, દાન, વ્રત, કામ ક્રોધના ભાવ-એ લાલ છાલથી પણ ભગવાન અંદર જુદો છે. આવો અંદર ભગવાન આત્મા-જેને અંદર જણાણો તે ભીંસાતો નથી. વેદનામાં કે મરણમાં ભીંસાતો નથી. કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. શુદ્ધાત્મા-પવિત્ર પ્રભુ-અંદર ભગવાન-એને ધર્મીએ પ્રાપ્ત કર્યો છે. દૃષ્ટિમાં એને લઈ લીધો છે. નિજ દૌલત એને નજર પડી ગઈ છે.

✿ શાંતિનો ડુંગર છે પ્રભુ! શાંતિનો પર્વત છે. એના તરફની એકાગ્રતાથી વર્તમાનમાં પ્રગટ શાંતિ કરી હશે એ પોતે એક જ શરણ છે. એ વખતે કોઈ અરિહંત શરણ કે સિદ્ધ શરણ, સાધુ શરણ, 'ણમો અરિહંતાણમ્' કરવા જાય એ તો વિકલ્પ છે. માંગલિક સંભળાવો, માંગલિક સંભળાવો મરણ સમયે, સાંભળવામાં પણ રાગ છે. એ સાંભળવું પણ છોડી દે, અંતરને-અંતરના નાદને જો.

✿ મિથ્યાશ્રદ્ધાને છોડવાને મરણિયો પ્રયત્ન કર. મરી જાય ત્યાં સુધી પ્રયત્ન કર. એકવાર મરીને પણ સ્વનો પ્રયત્ન કર. મરીને એટલે રાગને મારી નાખીને-દુનિયાના માન સન્માનને હેઠે મૂકી દે. દુનિયામાં ગણાવું

અને ગણવું છે ને ! એમ ગણવામાં, ગણાવામાં માન ગાળ્યું. પણ ગણવા લાયક આત્મા ગુણ છે. એ ગણવા લાયક છે. ગણતરીમાં એ લેવા લાયક છે. (એ ન કર્યું.)

✿ અરે! મરીને જશે ક્યાંક બાપ!! કોઈ સગું નહિ, વ્હાલું નહિ, અજાણ્યા દ્રવ્ય, અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા કાળ, ભાવ. જાણનારને જોયો નહિ તો જાણનાર ક્યાં જન્મશે? જેને જોવામાં આશ્ચર્ય લાગતું હતું ત્યાં સંયોગોમાં જન્મશે.

✿ ધર્મી તો એને કહીએ, (કે) વિપત્તિના ઘેરાવામાં-પ્રતિકૂળતાના ગંજ બહારમાં પડે પણ અંદરમાંથી શાંતિ મેળવી લે છે. શાંતિનો સાગર ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો છે. તે પ્રતિકૂળતાના ઘેરાવામાં પણ અંતરમાંથી શાંતિ મેળવી લે છે.

✿ 'શરણ'નો અર્થ એ છે કે આત્મા જ આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે. એમાં જવું અને શરણ થવું એ જ માંગલિક અને શરણ અને ઉત્તમ છે.

✿ આ તો નિવૃત્તિ લઈને નિર્ણય કરવાનો-ખ્યાલ કરવાનો છે એમ કહ્યું છે કેમ કે ભગવાન આત્મામાં વિકૃત પર્યાયસે નિવૃત્ત હૈ. હજી બાહ્યસે નિવૃત્ત તો હૈ હી અનાદિસે (પણ) બાહ્યસે નિવૃત્તિ માની નહિ.

✿ જેણે આનંદના નાથને અનુભવ્યો અને મરતા ટાણે જેને આનંદના નાથમાં જઈ શાંતિમાં દેહ છૂટે તો જીવન સફળ છે. એ એક કે બે ભવમાં કેવળ (જ્ઞાન પ્રાપ્ત કરી) મોક્ષ જવાના.

✿ અમર છે, ભગવાન, તું અમર છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ. એને મરણ કેવું? દેહની સ્થિતિ પૂરી થાય તેને મરણ કહો, પણ પ્રભુની સ્થિતિ પૂરી થતી નથી. એ તો અમર છે. "અબ હમ અમર ભયે ન મરેંગે"

✿ અરેરે! કોણ છે ભાઈ? ક્યાં છે તું? શરણ ક્યાં પ્રભુ છે? શરણ દાતા પ્રભુ આત્મા છે. ભાઈ ! ત્યાં તારી નજરો પડતા તને શરણ મળશે. શરણ આપશે. નજર ત્યાં ઠરશે. ધ્રુવ છે એટલે નજર ત્યાં ઠરશે. અધ્રુવમાં નજર કરવા જાય તો નજર નહીં ટકે.

✿ વસ્તુ(ની) તો નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે. પણ દેહ છૂટવા ટાણે તદ્દન નિર્વિકલ્પ થઈને દેહ છૂટે એવું કંઈ નથી. વિકલ્પ હો, પણ અંદર

સમાધિ, એકાગ્રતા છે. એ સમાધિપૂર્વક દેહ છૂટશે.

✿ જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે ભગવાને જોયું છે અને આયુષ્યની સ્થિતિ એટલી જ એવી જ છે.

✿ શ્રીમદ્ જ કહે છે (કે) મરતા જરી ઉન્માદ જેવું જ્ઞાનીને પણ દેખાય, ઈન્દ્રિય જ્ઞાનમાં ફેર પડતા થાય છતાં અંદર સમાધિ છે.

✿ અરેરે! આવો મનુષ્યભવ મને (મળ્યો આવું), મને સાંભળવા મળ્યું 'તું' કે 'તું ભગવાન પરિપૂર્ણ વસ્તુ તું છો, એની દૃષ્ટિ, પ્રતીતિ કર', એમ સાંભળ્યું પણ મેં કંઈ કર્યું નહિ. અરેરે! આમને આમ જીવન-જિંદગી ચાલી જાય છે.

✿ મેં કાંઈ કર્યું નહીં. અરેરે મનુષ્ય ભવ એળે ગયો.

✿ રાગને મારી નાંખ્યો અને જીવની જ્યોતિને જાગૃત કરી દીધી. એણે 'મરી પણ જાણ્યું' એમ કહેવાય.

✿ શ્રદ્ધામાં આ આત્મા આનંદ છે. જ્ઞાનસ્વરૂપ છે અને એ સિવાય રાગનો કણ ને રજકણ પણ પર છે એમ શ્રદ્ધાથી તો છોડ, નહિ તો તને દુઃખ થશે, શ્રદ્ધામાંથી (તો) પર છે એમ ન છૂટશે તો છૂટવા કાળે તારી નજરો ત્યાં રહેશે. તને પીડા થશે. દુઃખની એકત્વ બુદ્ધિથી.

✿ સમાધિમાં દેહ છૂટતા ભલે એ ભવમાં કદાચિત સર્વજ્ઞપણું ન આવે તો ભવિષ્યમાં એક બે ભવ પછી તો સર્વજ્ઞ તો થશે જ.

✿ રાગનો એક કણ છે. પણ એને પોતાનો માને (એ) આવા અનંતા અનંતા ગુણોનો પાર નહિ એનો એ અનાદર કરે છે. એવો જે મિથ્યાત્વભાવ-એને છોડવાનો ઉદ્યમ કેમ તું કરતો નથી? ગફલતમાં કેમ રહે છે?

✿ આ ભવ ભવના અભાવ માટેના પ્રયત્નનો ભવ છે.

✿ એક શેઠ હતો. મરવા ટાણે મર્યો. ગામમાં બહુ કામ કરતા. સહુને મદદ કરતા ઘણી જીંદગી ગઈ. છેલ્લે એકદમ દેહ છૂટવાનું ટાણું આવ્યું. શેઠિયાઓ જોવા આવે, ગૃહસ્થો બધા. આંખમાંથી આંસુ હાલ્યા જાય. અરેરે! મેં કાંઈ ન કર્યું મારા માટે. મેં આને અને આને ન આનું કર્યું. મેં આને સમજાવ્યો અને આનું કર્યું. મારી જીંદગી ગઈ એમાં. રોવે, રોવે, રોવે, રોવે, દેહ છૂટી ગયો.

✿ જન્મ મરણસે છૂટના હો તેરેકો તો પ્રભુ! ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ-ઉસમેં ખડા રહેજા. ઉસકા સ્વીકાર કર.

✿ નારકી જીવમેં ૧૬ રોગ જનમસે હૈ. ઓહો! બહુત પીડા, પણ જબ ઉસમેં આત્માકા અવલંબન લેકર સમ્યક્‌દર્શન પ્રગટ કિયા હૈ નારકીને ભી, તો યે શરીરકી વ્યાધિ ઈતની હૈ જૈસે શરીરકા ટુકડા ટુકડા હો જાયે તો ભી યે રોગ આત્મકા સાધકપણાકો રોક નહીં શકતા.

✿ શરીરકી નિરોગતા એ સાધકકો પુષ્ટિ કરતી હૈ તેમ રોગ સાધકકો રોક દેતે હૈ. ઐસી ચીજ હૈ નહીં.

✿ આઠ વર્ષનું બાળક પણ અનુભવ કરકે કેવળજ્ઞાન લઈ શકે છે. તેરી મહત્તાકા પાર નહીં પ્રભુ, તું ક્યા હૈ? એમ ન સમજના કે અમે બાળક છીએ. બાળક, યુવાન તો દેહકી સ્થિતિ હૈ. આત્માકી સ્થિતિ (નહીં). રાગ અપના હૈ તો મુઝે લાભ હોગા, અંદર બાળસ્થિતિ યે હૈ ઔર રાગ સે ભિન્ન હોકર અપના અંતર આત્માકા ભાન કરતે હૈ, તો યે યુવાન હૈ, ઔર અંતર કા આશ્રય લેકર કેવળજ્ઞાન પાતે હૈ, યે વૃદ્ધ હૈ.

✿ માતાના પેટમાંથી જે બાળક આવ્યું બહાર. તો યે સંયોગ હુઆ વો વિયોગ લેકર હી આયા હૈ, તે જ ક્ષણે દેહ છૂટ જાયેગા. હજી માતા નજર કરે કે 'આયા હૈ', ત્યાં દેહ છૂટ જાયેગા. મર જાયેગા, આયુષ્ય પૂરા હો જાએગા.

✿ જુઓને, આ જુવાન ક્ષણમાં હાર્ટફેઈલ. મોત માથે (ઘૂમ રહા હૈ) ક્યે સમય આયેગા ફડાક, એ કંઈ પહેલા કહેગા કિ અબ અભી પૂર્ણ હો ગયા હૈ ઉસકા (આયુષ્ય)? ઐસા કહે કે મૃત્યુ હોતા હૈ? પીછે આતા હૈ? કે આયુષ્ય ભાઈ પૂરા હો ગયા તેરા. ઐસા કહે કે મૃત્યુ હોતા હૈ?

✿ વિજળીના ઝબકારે આયુષ્ય ચાલ્યુ જાય છે. ભાઈ! સમય સમયની સ્થિતિ ચાલી જાય છે. પ્રભુ! એ ઝબકારો ક્યારે પૂરો થઈ જશે? એ પહેલા જો આત્માનું ના કર્યું (તો) રખડી મરશે ચાર ગતિમાં. આ સંયોગો મનુષ્યપણાની અવસ્થા મળી એ સંયોગ જ ચાલ્યો જાય છે. વિજળીના ઝબકારા જેવી આ અવસ્થા મળી છે. એ ઝબકારો બંધ થઈ જશે, બાપુ! દેહની સ્થિતિ પૂરી થઈ જશે. એ તો માટી જડ છે. આ તો. તું છૂટો પડી જઈશ. તારું શું થશે ત્યાં તને ખબર નથી.

✿ ભક્તિ : વિજળીના ઝબકારે મોતી, મોતી રે, એ પરોવી લેજો, ભાઈ,
અવસર અમૂલા ચાલ્યા જાશે, ફરવાનું તારું ચાલુ જ રહેશે.

✿ શ્રેણિક રાજા તીર્થંકર થવાના. એ અત્યારે શ્રેણિક રાજા નરકમાં હૈ. પહેલી નરક (માં છે) પર ઉસમેં 'મૈં તો આનંદ અને જ્ઞાન સ્વરૂપ હૂઁ'. 'આ નારકીનો સંયોગ એ મારી ચીજ નહિ. આ શરીર મારું નહીં એ અંદર રાગ ઉત્પન્ન હોતા હૈ યે ભી મેરે મેં નહીં'. એ નરકમાં રહ્યા છતાં આત્મજ્ઞાન હૈ ઉસકો. ખરેખર તો ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ, પ્રભુ! ઐસા જિસને અંતરમેં રાગસે ઔર શરીરસે ભિન્ન જાન લિયા યે આત્મા આત્મામેં હી હૈ. કોઈ પણ ગતિમાં જાય તો પણ આત્મા આત્મામેં હી હૈ.

✿ બાયડી છોડ્યા, છોકરા છોડ્યા, દુકાન, ધંધા છોડ્યા માટે વૈરાગ્ય. એ વૈરાગ્ય નહીં. રાગકા ભાવસે છૂટના વો વૈરાગ્ય હૈ. રાગકી રક્તતા છોડકર સ્વરૂપની રક્તતા કરવી એ વૈરાગ્ય છે.

✿ જેણે ક્ષણિક વૈરાગ્ય કૃત્રિમ વૈરાગ્ય, અંતર આનંદ સ્વરૂપ ભગવાન, ઉસકી દૃષ્ટિ હુઈ નહીં અને રાગસે વિરક્ત હુઆ નહીં, ઉસકો આત્માકી સમીપતા આતી નહીં.

✿ વસ્તુ જે પાતાળમાં પડી છે અંદર ધ્રુવ-એક સમય કી પર્યાયકી સમીપમેં ધ્રુવ ભિન્ન પડી હૈ. પર્યાયસે ભિન્ન હૈ. રાગસે તો ભિન્ન હૈ. પર શરીર, વાણી, લક્ષ્મી સે તો પ્રભુ ભિન્ન હૈ, પણ ઉસકી એક સમયકી પર્યાયસે પણ વસ્તુ ભિન્ન હૈ, પર્યાયમેં ચીજ આ ગઈ નહિ.

✿ જીવન ચાલ્યા જશે પ્રભુ! મોતના નગારા માથે વાગે છે. એક સમય ઐસા આયેગા કે શરીર છૂટ જાએગા. પહેલા કહકર નહીં આયેગા કે હવે મોત આતા હૈ. તૈયારી કર. ઐસા કરકે આતે હૈ (ક્યા?) ક્યોંકિ દેહ તો જડ હૈ. તો સંયોગી હૈ, તો સંયોગ તો છૂટેગા હી છૂટેગા.

✿ અરેરે! દેહ છૂટી જશે પ્રભુ! ક્યાં જઈશ તું? ક્યાં જઈશ? તેરી ચીજકી દૃષ્ટિ ન કિયા અને રાગના પ્રેમમાં-રાગના રસમાં રહે ગયા તો પ્રભુ! ક્યાંય જઈને ૮૪ના અવતારમાં રખડેગા. કેમકે આત્મા તો અનંતકાળ રહનેવાલા હૈ, તો દેહ એ છૂટને પર રહેગા કિ નહીં? કહાઁ

રહેગા? જિસકો રાગકા રસ હૈ તો મિથ્યાત્વમેં રહેગા ઔર જિસકો આત્માકા રસ હૈ વહ આત્મામેં રહેગા ભવિષ્યમેં.

✿ "ભક્તિ : બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવ ચક્રનો આંટો નહિ એકે ટળ્યો,
લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવા પણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું, નર દેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો! એક પળ તમને હવો.

✿ (શ્રીમદે) ૧૬ વર્ષની ઉંમરમેં ઐસે કહા થા, 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,' શુભ પૂર્વના પુણ્યને લઈને તને માનવનો દેહ મળ્યો. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો. તોયે અરે ભવ ચક્રનો આંટો નહિ એકે ટળ્યો' પ્રભુ! તેરા ઐસા મનુષ્યભવ મિલા તો ભી ભવચક્રકા આંટા એક ના છૂટા , એક છૂટે તો અનંત છૂટ જાતા હૈ મિથ્યાત્વ છૂટનેસે, સમ્યક્‌દર્શન હોનેસે ભવચક્ર રુક જાતા હૈ. અને "લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો." ગૃહસ્થાશ્રમની ૧૬ વર્ષની ઉંમર દેહની. દેહની ઉંમર હૈ ને? આત્માની ઉંમર નહી આત્મા તો અનાદિઅનંત (હૈ) 'લક્ષ્મી અને અધિકાર વધતાં' લક્ષ્મી બહુત મિલી, અધિકાર મિલા, મહિને મહિને, ૫૦ હજારકા પગાર ઐસા અમલદાર હુઆ. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' પ્રભુ, શું વધ્યું તને? શુ વધ્યું તે તો કહો! પ્રભુ 'વધવાપણું સંસારનું, નર દેહને હારી જવો'. 'એનો વિચાર નહિ! અહોહો એક પળ પણ તમને હવો' એમ કહે છે.

✿ 'ભવ ભયથી ડરી ચિત્ત' ભવ દુઃખથી ડરી ચિત્ત એમ નહિ. એ નરકમાં દુઃખ છે અને સ્વર્ગમાં સુખ છે એમ નહીં (પણ) ભવ પોતે જ દુઃખરૂપ છે. ક્યો ભવ થશે? ક્યાં થશે? ક્યાં જશે? એવા ભવનો જેને ભય અને ડર લાગ્યો હોય એ આત્મામાં અંદર જાય અને જોવા માંગે, બહારની જેને હોંશુ વર્તતી હોય એ અંદરમાં કેમ જઈ શકે?

✿ કલકત્તામેં એક હોડી થી, દરિયામેં હોડી ચલી થી શામકો. મા, બાપ લડકા લેકર હોડીમેં ગયે, ફરનેકો સાંજકો, ઉસમેં એક લડકા થા. તો

લડકાને પગ બહાર રખા થા. હોડી કે બહારમેં થોડા પગ, બૈઠે થે. સબ બૈઠે થે. પગ બહાર રખા થા. પગ હોડીકે, ઐસે મેં એક મગરમચ્છ આયા, બડા. ઔર ઉસને પગકો પકડ લિયા. લડકા પગકો. હોડીકા માણસ કહેતે હૈ-હોડીકા હાંકનાર-કહેતે હૈ-'અરે ભાઈ! છોકરાને નાંખી દે નહિ તો આખી હોડી ડુબ જાએગી હમણાં, મગરમચ્છ જબ્બર હૈ, મગરમચ્છ જબર હૈ, વો પગ પકડા હૈ, હવે પગ નહિ મૂકેગા, ખેંચશે તો આખી હોડી જાએગી'. એ હાંકનાર તો દૂર બૈઠા થા. લડકા ઔર ઉસકે માબાપ જોડે બૈઠ થે. માતાએ એક પગ ઝાલ્યા. પિતાએ હાથ ઝાલ્યા ઔર દરિયામેં ફેંક દિયા. ક્યા કરે પણ બિચારા ? કલકત્તામેં બન્યા થા. એમ આ મગરમચ્છ ૮૪ના અવતાર પ્રભુ! ઉસને તેરેકો પકડ રખા હૈ (કે) 'રાગ મેરા હૈ, ઉસમેં મુઝે લાભ હોગા' યે પકડ રખા હૈ. કભી તૂં સંસારરૂપી મગરમચ્છકે મુખમેં સે નિકલેગા પ્રભુ? મગરમચ્છના મુખમાંથી નીકલના. પ્રભુ! એ તો પકડ્યા એ તો ન છોડે એ. અહીં તો તૂ પકડ્યા છે તો છૂટ સકેંગે.

✿ ભાઈ! ગમે તેવા સંયોગ હોય તો પણ તારું તત્ત્વ અંદર જુદું છે. એના પર તું દૃષ્ટિ કરી શકે છે અને તેથી તને શાંતિ થાય, સંયોગો તને નડતા નથી.

✿ આ તો માર્ગ છે. એની હા તો પાડ. માર્ગ તો આ છે. 'હા' કરતા હાલત થશે. હા પાડતા 'હા'ની લત પડતાં હાલત થઈ જશે.

✿ ડૉક્ટરકા ભી દેહ છૂટ જાતા હૈ. ડૉક્ટરને ખબર છે? આપણા હેમકુમાર-હેમંતકુમાર-સર ડૉક્ટર થા ને ! એ કોઈનું ઓપરેશન કરતે થે અને કહ્યું (કે) 'મને કાંઈક થાય છે', બસ! ખુરશી પર બેઠે (ત્યાં) દેહ છૂટ ગયા. દેહની સ્થિતિ જો હોનેવાલી હૈ, પ્રભુ! ઉસકો કૌન રોકે?

✿ શાંતિથી ભરેલો છો તું. માટે અશાંતિના સંયોગોના લાખ, કરોડ સંયોગો હો, ત્યાંથી લક્ષને ફેરવ અને અંદરમાં જા, તો તને શાંતિ થશે.

✿ રોગ તો દેહકા હૈ અને દેહ છૂટ જાતા હૈ, આત્મામેં રોગ નહિ અને આત્મા છૂટતે નહિ. દેહ છૂટ જાતે હૈ. આત્મા છૂટ જાતે હૈ અપને સે? અપની ચીજ તો નિત્ય હૈ, વો તો કાયમ રહનેવાલી અપની ચીજ હૈ,

શરીર છૂટ જાતા હૈ, શરીરકા સંયોગકો 'જન્મ' કહતે હૈ શરીરકા વિયોગકો 'મરણ' કહતે હૈ. ભગવાન આત્માકા 'જન્મ' હોતા અને મરણ હોતા ઐસા તીનકાલમેં હૈ નહીં.

✿ પોતાની શાંતિ એટલે રાગ રહિત દશા સ્વભાવમાં ભરેલી છે તે પ્રગટ કરી શકે છે. સંયોગ સંયોગમાં રહ્યો, સંયોગ તને અડતો નથી. તું સંયોગને અડ્યો ય નથી. માન્યું છે કે અરે! મને આ થયું. અને મને આ થયું. તાવ જ્યાં ૮ ડીગ્રી આવે શરીરમાં ત્યાં, એ સંયોગમાં ૮ ડીગ્રીનો તાવ હોય શરીરમાં છતાં જો અંદરમાં જા તો તને શાંતિ વળશે. તું સંયોગોમાં છે (નહીં)

✿ 'એકલા' કો પકડ તો એકલા હો જાયેગા. પરકો પકડ તો સંયોગસે છૂટેગા નહીં કભી-સંયોગમેં કૈસા મિલેગા? અવતાર લેના પડેગા તેરે. ઔર યે સંયોગ ભી કૈસા મિલેગા?

✿ મહાવિદેહક્ષેત્રમાં અત્યાર ભગવાન છે. અહીં તો ત્રિકાળી ભગવાન આત્મા છે. એને કોઈ કાળ લાગુ પડતો નથી. એને કોઈ રૌદ્રધ્યાનની પર્યાય હોય તો પણ તે એના ત્રિકાળમાં લાગુ પડતી નથી.

✿ જેને આંસુની નિરંતર ધારા વહે, (આંસુના) એવી દુઃખ દશામા હો, પણ વસ્તુ તો વસ્તુ છે. એમાં કાંઈ ફેરફાર નથી. એની ઋદ્ધિ તો ત્રિકાળ. એ (આંસુ) વખતે ય પૂર્ણ ભરી છે.

✿ બાપુ! એ તો સંયોગી ચીજ છે. એની મુદત છે રહેવાની. એટલી મુદત રહે અને ચાલી જશે. એ કાંઈ તારી ચીજ નથી એટલે આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.

✿ કેટલા અનંતા દુઃખો વેઠ્યા નિગોદમાં અને સાતમી નરકના, નિગોદના. જેના ક્ષણમાં નિગોદના દુઃખ, ક્ષણમાં દુઃખ, ક્ષણનું દુઃખ ક્રોડો જીભ અને ક્રોડો ભવથી ન કહી શકાય એવા એવા કરોડો સાગર-૩૩ સાગર એવા અનંત સાગર-એવા અનંતા અનતા ભવ કર્યા, પણ પ્રભુ! તે વખતે પણ શુદ્ધ જ છો. રખડપટ્ટીના કાળ વખતે પણ તું શુદ્ધ જ છો. રખડપટ્ટી તો પર્યાયમાં છે.

✿ જિંદગી ચાલી જાય છે બાપુ! મોતના નગારા માથે વાગે છે. પ્રભુ!

એ પળ આવીને ઊભી રહેશે. કઈ રીતે હશે એમ નહીં એ પળ કહે. એ પહેલા આ કરી લે, સમજી લે, ભાઈ.

✿ દેહની સ્થિતિ પૂરી થશે, પ્રભુ! તો દેહ તો ખલાસ થઈ જશે પછી તું જઈશ ક્યાં? (આત્મા) એ તો નિત્ય છે. ક્યાં રહેશે, પ્રભુ? જેણે રાગને અને પુણ્યને મારા માન્યા છે. એવા મૃત્યુના જીવનમાં અને જીવનના મૃત્યુમાં રહેવાનો છે એ.

✿ તને બહારમાં ક્યાંય સુખ છે એવી જે માન્યતા એ તો ચૈતન્યના આનંદના પ્રાણનો ઘસારો કરી નાંખ્યો. ભાઈ! ઘસી નાંખ્યા પ્રભુ! આનંદને તે? પરમાં આનંદ છે-સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં, લક્ષ્મીમાં મકાનમાં. અરે! રાગની મંદતાના ભાવમાં પણ સુખ છે (એવું માન્યું તો) પ્રભુ! તારો આત્મા આનંદ સ્વરૂપ છે. તેનું જીવન તે ન કર્યું, એનું તો મૃત્યુ કર્યું.

✿ રોગ શરીરકા હૈ, પુદ્ગલકા હૈ, પ્રભુ! તુમ પુદ્ગલ નહીં, તુમ તો ચૈતન્ય હૈ ને અંદર. જાનન સ્વભાવકા પિંડ હૈ ને? એ તેરા પુદ્ગલકા રોગસે સર્વથા ભિન્ન હૈ. કથંચિત્ ભિન્ન હૈ ઐસા નહિ. સર્વથા ભિન્ન હૈ, યે તો જડ હૈ ઔર તેરી ચીજ તો અરૂપી હૈ ભગવાન. આ (શરીર) તો રૂપી હૈ. રંગ, સ્પર્શ, રસ દિખતે હૈ. આત્મામેં તો રંગ, સ્પર્શ હૈ નહીં.

✿ સાતમી નરકનો નારકી-પ્રતિકૂળતાનો પાર ન મળે. બાપુ! સાંભળ્યું જાય નહિ એના દુઃખો. સંયોગોનું દુઃખ નહીં પણ સંયોગ પ્રત્યેની એકતા બુદ્ધિ એટલી છે એ મહામિથ્યાત્વ છે. અને ત્યાં જનારો તો મિથ્યાદૃષ્ટિ જ હોય છે પછી પામે સમકિત. એ જીવ એવી સ્થિતિમાં પણ જેને ખાવાનો કણ ન મળે, પાણીનો એક બુંદ મળે નહીં, અહીં જન્મથી જ શરીરમાં ૧૬ રોગ હોય, અરેરે! જેને જ્યાં પડ્યો છે એની શીત વેદના! એ શીતનો કણ અહીંયા લાવે તો ૧૦૦૦૦ યોજનના માણસો ઠંડીમાં મરી જાય એટલી તો શીત. પ્રભુ! એ પ્રતિકૂળતામાં પણ જેને લગની લાગી આત્માની (તે સુખી છે) અને પહેલી, બીજી, ત્રીજી નરક સુધી તો પરમાધામીઓ નારકીને લોઢાના ધગધગતા સળીયા લઈ લાંબા બનાવી બાંધે. આમ આખા શરીરને. પગ અને માથાને લોઢાના સળીયાથી. ઉપર

મારે ઘણ. એ સ્થિતિમાં પણ પ્રભુ તું અંદર જુદો છે ને! જેના શરીરનું આમ બધું, દેહ વાળી, ગાંસડો બાંધે લોઢાના સળીયાથી ધગધગતા, અને પછી મારે ઘણ. પણ તે વખત પ્રભુ તું અંદર જુદો છે ને? એવી સ્થિતિ હોય છતાં ત્યાં સમકિત પામી જાય છે. કેમ કે એ ચીજમાં છે નહીં (અને) પોતે છે ત્યાં એ છે નહીં. અહીંથી મિથ્યાદૃષ્ટિ લઈને ગયો હોય અને આવી સ્થિતિમાં પણ ત્યાં મારનાર નથી સાતમી નરકમાં. વેદના આકરી છે. અહીં તો (પહેલી નરકમાં) મારનાર પરમાધામી હોય, એની આ પીડામાં દુઃખનો પ્રસંગ કેટલો હશે? છતાં તેને અંતરની લગની જ્યાં લાગી આત્માની અંદર આત્મામાં ઉતરી જાય છે. પરનું લક્ષ છોડી દઈને એટલી પ્રતિકૂળતાના સંયોગની સામગ્રીમાં પણ, લક્ષ છોડી દઈને પ્રભુ તેને તને તો અહીંયા ખાવા, પીવા, બહારની સાધન સામગ્રી નથી એવામાં પણ જેને અંદર લગની લાગી પ્રભુની. તે અંતર ઉતરીને સમ્યક્દર્શન પામે છે અને એનાથી અનંતગુણી સગવડતા ઈન્દ્રના ઈન્દ્રાસનમાં અને ચક્રવર્તીના રાજમાં (હોય). એ વખતે પણ ધર્મી સમકિતી એ તરફનું લક્ષ છોડી દઈને અંદરમાં ઉતરી જાય છે. કેમકે અનુકૂળ અને પ્રતિકૂળ એ ચીજમાં છે જ નહિ. અનુકૂળ-પ્રતિકૂળને ચૈતન્ય પ્રભુ અડતો ય નથી. આવી ચીજમાં આવી અનુકૂળતામાં અને નરકની પ્રતિકૂળતામાં કોઈએ પૂર્વે સાંભળ્યું'તું, પણ કર્યું નહોતું એ અંદરમાં ઊતરી જાય છે. જેમ વીજળી પડે ને તાર તાંબાના હેઠે (નીચે) ઉતરી જાય ફડાક, એમ બધું લક્ષ છોડી દઈ (સમકિત કરે) અહીં તો જરીક પ્રતિકૂળતા હોય તો (કહે કે) અમને હમણાં સુખ નથી. હમણાં અમારે આ નથી. હમણાં અમારે આમ, હમણા અમારે આમ-એવું તો અનંત વાર થયું. સાંભળને હવે!

✿ દેહ છૂટશે, દેહ છૂટશે ને દેહ છૂટવાનો છે ને? છૂટો જ છે. પણ ક્ષેત્રથી-અવગાહથી છૂટો પડશે. એ રાખ્યો રહેશે નહિ. અને એની સંભાળ કરશે તો પણ એ રહેશે નહિ. કારણ કે એ ચીજ પર છે. અરે! એને પોતાના માનીને પડ્યો હોય એને એ છોડવા ટાણે ભીંસાઈ જશે. રાગની એકતામાં ભીંસાઈ જશે. ભલે એ 'ણમો અરિહંતાણં, ણમો

અરિહંતાણં' કરતો હોય, લોકો એમ કહે કે એ તો ભગવાનનું નામ સ્મરણ કરે છે. સમાધિમરણ છે. આ ધૂળેય નથી. ભાઈ! તને ખબર નથી. એવા શુભના ભાવના ટાણે આત્માનો અંદર રસ નથી અને રાગથી વિરક્ત વૈરાગ્યની દશા નથી. એ રાગ બધો ચંચળતાવાળો અને લુખ્ખો છે.

✿ એક મહિનાનું પરણેતર, બાઈ મરી ગઈ, એક મહિનાનું લગ્ન-વૈશાખ સુદ આઠમના. હવે નાનું એક મહિનાનું પરણેતર-દાગીના સારા અને લુગડા હારા પહેરેલા હોય, પ્રાઈમસ લાગ્યો કાપડને, મરી ગઈ, ગઈ રાતે. આ દશા તો પ્રભુ! એવું તો અનંત વાર થયું બાપુ! તું અનાદિનો છો ને ભાઈ! અનંત કાળના પ્રવાહને તું નજરે જરી જો તો ખરો. કાળ તારો અનંત છે કે નહિ? અનંતકાળમાં શું શું થયું છે? બાપુ! આવું પણ તારે અનંતવાર થઈ ગયું છે. પણ તારી ચીજ જે અંદર છે. જ્યાંથી તૃપ્તિ મળવી જોઈએ ત્યાં તું જતો નથી અને બહારની કાંઈ અનુકુળતા મળે ત્યાં તૃપ્તિ તૃપ્તિ (થાય) ત્યાં સંતોષાઈ ગયો.

✿ રાગથી રહિત પ્રભુ ચૈતન્ય મૂર્તિ-નિવૃત્તિ એ નિવૃત્તિમય જીવન કર્યું છે? એને પ્રવૃત્તિમય જીવન ન ગમે. રાગની પ્રવૃત્તિમય જીવન ન ગમે. નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમાં રાગ 'આમ કરું ને આમ કરું' દવા આવી લાવે, વૈદ્ય આવો આવે ને ફલાણું આવું આવે ને' એ પ્રવૃત્તિમય જીવન ગોઠે નહિ. પણ તેને (રોગ) માટે પ્રવૃત્તિ ન ગમે, મટવું હોય તો મટે પણ તેના માટે પ્રવૃત્તિ ન ગમે.

✿ શરીરમાં (રસ) રહી જાય છે, આને કેમ રાખું? પણ એ તો એની પર્યાય પણે રહે છે. પ્રભુ! તારા રાખ્યા રહે નહીં. અને તું પ્રયત્ન કર તો નિરોગતા રહે એવી ચીજ છે જ નહિ. ત્યાં રોકાઈ ગયો.

✿ તારા ઘર મૂકીને પાડોશીને આટા. 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટા'. એમ તારા ઘરમાં જવાના માટે પ્રયત્ન ન મળે અને આ બધા પુણ્ય અને પાપના ફળ, એમાં સંયોગની મીઠાશમાં રોકાઈ ગયો તું.

✿ બહારના પ્રસંગોમાં વ્યવસ્થિત કરવામાં-બધી ચીજોને વર્તમાનમાં વ્યવસ્થિત રાખવામાં રોકાઈ ગયો. વ્યવસ્થિત વ્યવસ્થિત પડ્યો જ છે.

પ્રભુ! અંદર ધ્રુવ. આખો દિવસ બહાર રોકાઈ ગયો અને અંદરમાં ના ગયો. પ્રભુ! જોનારને જોવા ન ગયો અને જોનાર પરને જોવામાં રોકાઈ ગયો.

✿ લગનનો દિવસ-મંડપ લગ્નના દિવસે બેય આવ્યા. મંડપમાં પતિપત્ની બેઉ બેઠા છે. મંત્ર જપે છે. મંત્ર જપતા જપતા ત્યાં, આ શું? વરનું હાર્ટફેઈલ. એવું તો અનંતવાર થઈ ગયું છે. એક વાર નથી થયું. એ કોઈકને થાય એવું અનંતવાર થઈ ગયું છે. અનંત કાળમાં અનંત વાર આવું તારે પણ થઈ ગયું છે. એનો દાખલો આપી અને એને જ થયું છે એમ નહિ. (હવે) એ જુવાન માણસ હશે. એક તો સાંભળ્યું છે પહેલા ક્યાંક. લગ્ન વખતે પગ હેઠે હતા અને મંડપમાં સર્પ આવ્યો, એ કરડ્યો અને મરી ગયો. વર મરી ગયો ત્યાંને ત્યાં. એવું તો સાભળ્યું હતું. પણ આ તો એકદમ હાર્ટ બંધ થઈ ગયું. આવા ભાવમાં મરીને બિચારા જાય ક્યા? તિર્યંચ થાય. કેમકે, આવા માણસો શાકાહારી માણસ હશે, તો દારૂ, માંસ ખાતા ન હોય, એવું જ હશે કા તો. દારૂ માંસ ખાતા ન હોય એટલે નરકમાં તો ન જાય. આંહી વર (ને) પરણવાનો પ્રસંગ-મરીને કૂકડા અને બકરાના બચ્ચા (થાય.)

✿ આ જનમ તો અંદર આનંદનો નાથ જાગીને ઊઠે એ જ એનો (જનમ) છે. તે જનમ એટલે ઉત્પત્તિ થઈ. સ્વરૂપની ઉત્પત્તિ થઈ. અને જેને એ ઉત્પત્તિમાં પણ એવો નિર્ણય આવી ગયો હોય કે આ ઉત્પત્તિથી જ હવે કેવળજ્ઞાન લેવાશે બસ! એ જીવન છે બાકી બધા જીવન નથી. દુનિયાના માન હાટુ (કરે એ જીવન નથી.)

✿ ભવ્ય જીવોને એ આત્મતત્ત્વ જ એક શરણ છે. એ દેહને છોડવા ટાણે શ્વાસ લેવાય નહિ, તૃષા અપાર હોય અને પાણીનું બિંદુ લેવાય નહિ. ગળુ બંધ થઈ જાય. આહી કાણું પાડીને પાણી નાખે. ત્યાં કોણ શરણ છે પ્રભુ! એવે ટાણે સહનશીલતા ન હોય, એનો પોકાર (કેવો હશે?) ત્યારે શરણ તો માત્ર એક આત્મા જ છે. ત્યારે તો ભગવાનનું નામ લેવું એ પણ શરણ નથી. એ ભગવાન પોતે જ છે તે જ શરણ છે આત્મા. સર્વ પદાર્થમાં શરણ હોય તો એક તારો પ્રભુ આત્મા એક જ શરણ છે.

✿ ભાઈ! તારી હૈયાતી છે કે નહિ? તો આ દેહ છૂટશે તો તારી હૈયાતી રહેશે કે નહિ ક્યાંય? એ હૈયાતીવાળા તત્ત્વનો આશ્રય કર અને જેમાં તારી હૈયાતી નથી એનો આશ્રય છોડ.

✿ પશુ તિર્યંચ થાય છે. કેમ? ગાય, ભેંસ, ઘોડા, હાથી. આડા હોય છે ને આડા. માણસ ઊભા હોય છે. પૂર્વે આડોડાઈ માયા, કપટ ને ક્રોધ, માન બહુ કરેલા. આડોડાઈ એટલે ટેડાઈ. આડોડાઈના ફળમાં એના શરીર પણ આડા થઈ ગયા.

✿ જન્મ-મરણના દુઃખો બાપુ! ચોરાશીના અવતારમાં. એક એક ૮૪ લાખ યોનિ, ૮૪ લાખ યોનિ. એક એક ઉત્પત્તિ યોનીના સ્થાનમાં અનંત વાર ઊપજ્યો. એ પરને પોતાનું માન્યું. અપના સ્વરૂપકા અનાદર કરકે. ઐસે ૮૪ લાખ યોનિમેં અનંત વાર ઉત્પન્ન હુઆ. માતાના ગર્ભાવાસમાં પણ અનંતવાર ૧૨-૧૨ વર્ષ સુધી રહ્યો. એવો સિદ્ધાંત છે. પેટમાં નવ મહિના રહે છે એ તો સાધારણ. પણ કોઈ તો ૧૨-૧૨ વર્ષ રહે છે અંદર. ૧૨ વર્ષની કાય સ્થિતિ છે શરીરની. ૧૨ વર્ષ રહે અને જન્મે. એવી સ્થિતિ કેવી હશે, પ્રભુ? અહીં તો નાક બંધ કરે તો શ્વાસ લેવું, મોઢું બંધ કર તો રાડ નાખે. મારી નાખવો હોય તો માણસનો દુશ્મન હોય ઈ કરે આવું. શ્વાસ ન લે, તો ઉડી જાય. જ્યાં બહુ એવું ન હોય-છરાં ને એવું, પણ શ્વાસ બંધ કરે તો શ્વાસ ઉડી જાય. ઈતના વાર દુઃખ ૧૨-૧૨ વર્ષ માતાના પેટમાં. એક વાર છૂટકર દૂસરી બાર-ઐસે અનંત વાર. ઐસે અનંત વાર (હુઆ).

✿ તિર્યંચમાં, મનુષ્યમાં, સ્વર્ગમાં, નરકમાં, અનંતા અનંત ભવ (કર્યા) એ કારણ કે નિર્મળઆનંદ પ્રભુ હૈ ઉસકી દૃષ્ટિકા અભાવ. અને મલિનતા એવી કે 'યે મૈં હૂઁ' ઐસી માનતા કે કારણ ૮૪ કે અવતારમેં જન્મ લિયા ઉસને. ૧૨ યોજન પહોળી અને ૯ યોજન લાંબી એવી નગરી અને સોનાનો ગઢ. માથે રતનના કાંગરા, રતનના. એ જાણે ભાઈ! છેલ્લી સ્થિતિ, સળગવા માંડ્યું બધું. સોનું સળગે એમ. સોના જલને લગા. સમુદ્રમેંસે પાણી નીકાલકર નાખતે હૈ (વો) ગ્યાસતેલ (કેરોસીન) હો જાતા હૈ. એ બહારની ચીજ ક્યા હૈ પ્રભુ! ક્યારે ક્ષણમેં પલટ જાય?

✿ બ્રહ્મદત્ત ચક્રવર્તી. ૧૬૦૦૦ દેવ સેવા કરે. ૯૬૦૦૦ સ્ત્રી-એક રાણી (ની) ૧૦૦૦ દેવ સેવા કરે. એવા એ રતનના ઢોલિયા. એમાં સૂતા, દેવો ઊભા, કાંઈ શરણ નહિ, મરીને સાતમી નરકે ગયો. હજી તો એની સ્થિતિ થોડીક થઈ છે. હજી તો માંડ પલ્યોપમ પણ થયું નથી. એટલું તો ૩૩ સાગર રહેશે. ભાઈ! એણે વિચાર કર્યો છે કંઈ? જેના ક્ષણમાં દુઃખ કરોડો જીભે, કરોડો ભવે ન કહેવાય. એ ૩૩ સાગરના દુઃખને એ 'ચક્રવર્તી સાહ્યબો મોટો-૯૬૦૦૦ સ્ત્રીનો સાહ્યબો. એ 'નરકમાં જઈને પોઢ્યો.' એ મિથ્યા શલ્યના કારણે એના ગર્ભમાં મિથ્યાત્વમાં અનંતા ભવ પડ્યા છે આવા.

✿ જેણે ભગવાન આત્માની કિંમત કરી નથી. એ પરકી કિંમત કિયા એ મિથ્યાત્વ ભાવ હૈ. આ આત્માકી નહિ હુઈ પર વસ્તુ, યે રાગ કો અપના કરને જા તો રાગ તેરા નહિ હોગા અને અનંત ગુણનો પિંડ પ્રભુ, વો તુમ તેરા કરેગા તો તેરા રહેગા.

✿ બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. મને કોઈ ઓળખે, અને મને માને તો મારી વાત સાચી બહાર આવે. એ બધા માનના ભાવ છે. એ બધા પ્રસંગો નિઃસાર છે. બહાર (થી દૂર) ભાગવામાં લાભ છે એનાથી. એમાં લાભ માને એ બધા નિસાર છે. સાર હોય તો એક આત્મ સ્વભાવ છે.

✿ અપના સ્વરૂપ નિત્ય હૈ એ અપના રહેગા. ઉસકી ખબર નહિ તો પર વસ્તુકો નિત્ય બનાના ચાહતે હૈ. વો કાયમ ટકે (એવી ઈચ્છા કરે છે.) ટકે તો આ ચીજ હૈ કાયમ. તો ઉસકો ભૂલ ગયા તો પરકો ટીકેગા ઐસા બના દૂ, ધ્રુવ બના દૂ, ટકે ઐસા બના દૂં. વ્યર્થ હૈ તેરા પરિશ્રમ.

✿ ચાહે તો પ્રતિકૂળ સંયોગ હો કે અનુકૂળ હો, પણ મૈં આનંદ સ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન-ઉસકી દૃષ્ટિ નહિ છોડના.

✿ જુવાન અને વૃદ્ધ અને બાળપણ એ તો માટી-ધૂળનું છે. ભગવાન ક્યાં બાળ, વૃદ્ધ છે અંદર. એ તો તાજો પડ્યો છે ચૈતન્યમૂર્તિ ભગવાન.

✿ જુવાન ૨૫-૨૫ વર્ષના રાજકુમારો-એ આનંદના નાથને જ્યાં અંદર જોયો અંદર. સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાનમાં જ્યાં પૂર્ણાનંદને જોયો ત્યાં

નિર્મળ આનંદની જે વેદનદશા થઈ. (ત્યારે વિચારે છે કે) અરેરે! પૂર્ણ આનંદને પ્રગટ કરવા અમે જંગલમાં-અંતરમાં જાશું. જંગલમાં એટલે અંતરમાં જઈશું. અમારે કોઈ બહારના પદાર્થના અવલંબનની જરૂર નથી. એ ચક્રવર્તીના રાજકુમારો-તીર્થંકરના રાજકુમારો આનંદના નાથને જ્યાં અંદર જોયો. અનંત અનંત ગુણોથી ભરેલો ભગવાન અસ્તિ છે. મોજૂદ પડ્યો છે પ્રભુ અંદર, છે એને જોયો. મોજુદગી ચીજ ભગવાન સ્વરૂપ જ પ્રભુ આત્મા છે. એ ચક્રવર્તીના રાજને છોડીને હાલી નીકળતા હશે. કાંઈક અંદર વિસ્મયતા ભાળી કે જે ચમત્કાર બાહ્યમાં છે નહીં. (પ્રમાણ વચન ગુરુદેવ)